## શ્રીરંગ દિવ્ય કવન દર્શન

| | | |
|---|---|---|
| (૧) રુદ્રાક્ષ ભજનાનંદ | MP3 CD-2 | રૂા. ૬૦/- |
| (૨) શ્રી દત્તબાવની ગાથા | DVD-2 | રૂા. ૭૫/- |
| (૩) શ્રી ગુરુનામામૃત જ્ઞાનપ્રપા | MP3 CD-2 | રૂા. ૫૦/- |
| (૪) શ્રી રંગદર્શન ગુજરાત | DVD-1 | રૂા. ૪૦/- |
| (૫) શ્રી ગુરુદત્ત પરંપરા | DVD-1 | રૂા. ૪૦/- |
| (૬) શ્રી ગુરુમહિમા | MP3 CD-1 | રૂા. ૩૦/- |
| (૭) અમર આદેશ | AUDIO CD-3 | રૂા. ૬૦/- |
| (૮) સંકીર્તન સંપુટિત દત્તબાવની | AUDIO CD-1 | રૂા. ૩૦/- |
| (૯) રુદ્રાક્ષ-ધૂન-સંકીર્તન | MP3 CD-1 | રૂા. ૩૦/- |
| (૧૦) રુદ્રાક્ષ સ્તોત્રાવલિ | MP3 CD-1 | રૂા. ૩૦/- |
| (૧૧) શ્રી રંગ શરણ મૃત્યુંજય વંદના | MP3 CD-2 | રૂા. ૫૦/- |
| (૧૨) સંગીત ગીતા | MP3 CD-1 | રૂા. ૩૦/- |
| (૧૩) રંગ રમઝટ | AUDIO CD-2 | રૂા. ૬૦/- |
| (૧૪) અવધૂતી આનંદામૃત | MP3 CD-2 | રૂા. ૬૦/- |
| (૧૫) ઉષઃ પ્રાર્થના - સાયં પ્રાર્થના | MP3 CD-2 | રૂા. ૬૦/- |
| (૧૬) સળંગ દત્તબાવની<br>સળંગ સપ્તસતી-રુકમા માતાની સ્તુતી | MP3 CD-1 | રૂા. ૫૦/- |
| (૧૮) રંગહૃદયમ્ સ્તોત્રાવલિ | નિર્માણાધીન | - |

**નિર્માણ-સમર્પણ**

અ.સૌ. કોકિલાબેન જશભાઈ પટેલ (યુ.એસ.એ.)
અ.સૌ. હંસાબેન મહેન્દ્રભાઈ પટેલ (યુ.એસ.એ.)
(USA) +16305504218
www.shrirangparivar.in • www.rangavadhoot.us

પ્રસ્તુત CD-DVDના વેચાણ માટે પરિવારના અન્ય કેન્દ્રોએ અમદાવાદ કાર્યાલયનો સંપર્ક કરવા વિનંતી.

ઉપરોક્ત ૧ થી ૧૫ CD-DVDના પુસ્તક પરિવારની દર્શાવેલ બન્ને વેબ સાઈટ પર જોઈ-વાંચી શકાશે.



ૐ

॥ શ્રીદત્તઃ પ્રસન્નોऽસ્તુ ॥ ॥ શ્રીરંગઃ પ્રસન્નોऽસ્તુ ॥

॥ વાસુદેવ જગત્સર્વમ્ ॥
॥ શ્વાસે શ્વાસે દત્તનામ સ્મરાત્મન્ ॥
॥ પરસ્પરદેવો ભવ ॥

૭૫મું વર્ષ

# દત્તબાવની અમૃત મહોત્સવ

-: રચના :-
સંવત ૧૯૯૧ મહાસુદ એકમ
સિદ્ધનાથ મહાદેવ, સઈજ, તા. કલોલ.

સંવત ૨૦૬૫ મહાસુદ એકમ તા. ૨૭-૧-૨૦૦૯, મંગળવાર થી
સંવત ૨૦૬૬ મહાસુદ એકમ તા. ૧૬-૧-૨૦૧૦, શનિવાર

શ્રી અવધૂત નિવાસ ટ્રસ્ટ, નારેશ્વરની અનુમતિથી
અખિલ ભારત શ્રી રંગ અવધૂત પરિવારના ઉપક્રમે
વિશ્વશાંતિ માટે

## દત્તબાવની પાઠ - લેખન અનુષ્ઠાન

*મુખમાં અવિનાશી ભગવન્નામ, હાથે સર્વમંગલ કામ*



નારેશ્વર ધામ હર હર નર્મદે

નામ ..........................................................

સરનામુ ......................................................

..................................................................

પીનકોડ ..................... ફોન / મો. ........................

## "દત્તબાવની લેખન અનુષ્ઠાન અંગે માર્ગદર્શન"

- ▣ નોટમાં દત્તબાવની છાપીને આપેલી છે તે વાંચી / જોઈ તે મુજબ લેખન શુદ્ધિ જાળવવી અને લાલ અક્ષરે દત્તબાવની લખવી.
- ▣ લેખન પૂર્વે સ્વચ્છ વસ્ત્ર ધારણ કરી પવિત્રતા જાળવવી.
- ▣ દરેક નોટમાં બાવન દત્તબાવની લખવાની રહેશે.
- ▣ જે તે શહેર કે ગામના કેન્દ્ર ઉપરથી નોટ મળી શકશે.
- ▣ વર્ષાન્તે બધી નોટ સ્વચ્છ વસ્ત્રથી બાંધી જે તે શહેર કે ગામના વિભાગના નિયત સ્થળે જમા કરાવવી.
- ▣ દત્તબાવની લખવામાં કેટલાક શબ્દોમાં ભૂલ થવાની શક્યતા છે. આવા શબ્દો મોટા અક્ષરે છાપી લખનારનું ધ્યાન દોર્યું છે. દત્તબાવની લખનારે આ શબ્દો મોટા અક્ષરમાં લખવાના નથી.
- ▣ લેખન કર્તાએ લીટીઓને નંબર આપવાની જરૂર નથી.

**: પ્રમુખ :**

**અખિલ ભારત શ્રીરંગ અવધૂત પરિવાર**

**અંબાલાલ એન. પટેલ** (ફોન : ૨૭૬૬૧૩૧૫, ૯૩૨૭૦ ૫૦૭૭૬)

**: કાર્યાલય સરનામું :**

**અખિલ ભારત શ્રીરંગ અવધૂત પરિવાર**

**પ્રવિણભાઈ દવે**

૪૩, અશોકનગર, શાહપુર દરવાજા બહાર, લાલાકાકા હોલ સામે, અમદાવાદ-૪.

ફોન : (રહે) ૦૭૯-૨૫૬૩૩૭૫૪ (ઓ) ૦૭૯-૨૨૭૭૭૪૩૨

ફેક્સ : ૦૭૯-૨૨૭૪૦૭૪૮ મોબાઈલ : ૯૪૨૬૦ ૩૨૩૪૩

E-mail : shreerangavdhut@gmail.com

**કિંમત રૂા. ૪-૦૦/-**



ૐ

॥ પરસ્પરદેવો ભવ ॥ ॥ શ્રીદત્તઃ પ્રસન્નોઽસ્તુ ॥ ॥ માતા માતૈવ કેવલમ્ ॥

॥ શ્રીરંગઃ પ્રસન્નોઽસ્તુ ॥

# દત્તબાવની અમૃત મહોત્સવ

**સંવત-૨૦૬૫ મહા સુદ એકમ મંગળવાર તા. ૨૭-૧-૨૦૦૯**

**થી**

**સંવત-૨૦૬૬ મહા સુદ એકમ શનિવાર તા. ૧૬-૧-૨૦૧૦**

- ▣ તપોભૂમિનારેશ્વરના યોગીશ્વર રંગઅવધૂત મહારાજે દિવ્ય સ્તોત્ર શ્રી દત્તબાવનીની રચના સંવત-૧૯૯૧ના મહા સુદ એકમને સોમવાર તા. ૪-૨-૧૯૩૫ ના રોજ સિદ્ધનાથ મહાદેવ, સઈજ (તા. કલોલ) ગામે કરી.
- ▣ સરખેજના રંગભક્ત સ્વ. કમળાશંકર ત્રિપાઠીના પત્ની સ્વ. ધનલક્ષ્મીબેનની પિશાચપીડા દૂર કરવાની ભક્તની આર્ત પ્રાર્થનાને સ્વીકારી શ્રી હનુમાન ચાલીસાના સ્મરણથી આ સર્વતોભદ્ર સંકટમોચન સ્તોત્રની રચના પૂ. શ્રી દ્વારા થઈ.
- ▣ પૂ. શ્રીએ દત્તબાવની રચનાને અંતે નોંધ્યું છે તેમ "હનુમાન - ચાલીસાના સ્મરણથી આ દત્તબાવનીની પ્રેરણા થઈ. ગુરુચરિત્રના અધ્યાય-૫૨, વરસનાં અઠવાડિયાં-૫૨. તમને ગમે તો ઠીક, નહિ તો ફાડી નાખશો. આદિઅંતમાં સંકીર્તનનો પાઠ ફળદાયી."
- ▣ સ્વચ્છ વસ્ત્ર ધારણ કરી, પવિત્ર સ્થાનમાં બેસી ધ્યાન કરી દત્તબાવનીનો પાઠ કરવાથી વધુ ફળ મળે છે.
- ▣ આ સ્તોત્રને પૂ. શ્રીના અમોધ આશીર્વાદ છે.
  "કદાચ આપણું બધું સાહિત્ય કાળક્રમે ભૂલાઈ જશે, પણ દત્તબાવની નહિ ભૂલાય."

# શ્રી દત્તબાવની

જય યોગીશ્વર દત્ત દયાળ ! તું જ એક જગમાં પ્રતિપાળ, (૧)
અત્ર્યનસૂયા કરી નિમિત્ત, પ્રગટ્યો જગકારણ નિશ્ચિત. (૨)
બ્રહ્માહરિહરનો અવતાર, શરણાગતનો તારણહાર, (૩)
અંતર્યામી સત્ ચિત્ સુખ, બહાર સદ્ગુરુ દ્વિભુજ સુમુખ. (૪)
ઝોળી અન્નપૂર્ણા કર માંહ્ય, શાન્તિ કમંડલ કર સોહાય, (૫)
ક્યાંય ચતુર્ભુજ ષડ્ભુજ સાર, અનંતબાહુ તું નિર્ધાર. (૬)
આવ્યો શરણે બાળ અજાણ, ઊઠ દિગંબર, ચાલ્યા પ્રાણ ! (૭)
સૂણી અર્જુન કેરો સાદ, રીઝયો પૂર્વે તું સાક્ષાત્. (૮)
દીધી ઋદ્ધિ સિદ્ધિ અપાર, અંતે મુક્તિ મહાપદ સાર, (૯)
કીધો આજે કેમ વિલંબ ? તુજ વિણ મુજને ના આલંબ. (૧૦)
વિષ્ણુશર્મ દ્વિજ તાર્યો એમ, જમ્યો શ્રાદ્ધમાં દેખી પ્રેમ, (૧૧)
જંભદૈત્યથી ત્રાસ્યા દેવ, કીધી મ્હેર તેં ત્યાં તતખેવ. (૧૨)
વિસ્તારી માયા, દિતિસુત ઈન્દ્રકરે હણાવ્યો તૂર્ત, (૧૩)
એવી લીલા કંઈ કંઈ શર્વ, કીધી વર્ણવે કો તે સર્વ ? (૧૪)
દોડ્યો આયુ સુતને કામ, કીધો એને તેં નિષ્કામ, (૧૫)
બોધ્યા યદુને પરશુરામ, સાધ્યદેવ પ્રહ્લાદ અકામ. (૧૬)
એવી તારી કૃપા અગાધ ! કેમ સુણે ના મારો સાદ ? (૧૭)
દોડ, અંત ના દેખ અનંત ! મા કર અધવચ શિશુનો અંત ! (૧૮)
જોઈ દ્વિજસ્ત્રી કેરો સ્નેહ, થયો પુત્ર તું નિઃસંદેહ, (૧૯)
સ્મર્તૃગામી કલિતાર કૃપાળ ! તાર્યો ધોબી છેક ગમાર. (૨૦)
પેટપીડથી તાર્યો વિપ્ર, બ્રાહ્મણ શેઠ ઉગાર્યો ક્ષિપ્ર, (૨૧)
કરે કેમ ના મારી વ્હાર ? જો આણીગમ એક જ વાર !! (૨૨)
શુષ્ક કાષ્ઠને આણ્યાં પત્ર ! થયો કેમ ઉદાસીન અત્ર ? (૨૩)
જર્જર વંધ્યા કેરાં સ્વપ્ન, કર્યાં સફળ તેં સુતનાં કૃત્સ્ન. (૨૪)
કરી દૂર બ્રાહ્મણનો કોઢ, કીધા પૂરણ એના કોડ, (૨૫)
વંધ્યા ભેંસ દૂઝવી દેવ, હર્યું દારિદ્રય તેં તતખેવ. (૨૬)
ઝાલર ખાઈ રીઝયો એમ, દીધો સુવર્ણઘટ સપ્રેમ, (૨૭)
બ્રાહ્મણસ્ત્રીનો મૃત ભરથાર, કીધો સજીવન તેં નિર્ધાર ! (૨૮)
પિશાચ-પીડા કીધી દૂર, વિપ્રપુત્ર ઊઠાડ્યો શૂર, (૨૯)
હરી વિપ્રમદ અંત્યજ હાથ, રક્ષ્યો ભક્ત ત્રિવિક્રમ તાત ! (૩૦)
નિમેષમાત્રે તંતુક એક, પહોંચાડ્યો શ્રીશૈલે દેખ ! (૩૧)
એકી સાથે આઠ સ્વરૂપ, ધરી દેવ બહુરૂપ અરૂપ, (૩૨)
સંતોષ્યા નિજ ભક્ત સુજાત, આપી પરચાઓ સાક્ષાત્, (૩૩)
યવનરાજની ટાળી પીડ, જાતપાતની તને ન ચીડ. (૩૪)
રામકૃષ્ણ રૂપે તેં એમ, કીધી લીલાઓ કંઈ તેમ, (૩૫)
તાર્યા પથ્થર ગણિકા વ્યાધ ! પશુપંખી પણ તુજને સાધ !! (૩૬)
અધમઓધારણ તારૂં નામ, ગાતાં સરે ન શાશાં કામ ? (૩૭)
આધિ વ્યાધિ ઉપાધિ સર્વ, ટળે સ્મરણમાત્રથી શર્વ ! (૩૮)
મૂઠચોટ ના લાગે જાણ, પામે નર સ્મરણે નિર્વાણ, (૩૯)
ડાકણ શાકણ ભેંસાસુર, ભૂત પિશાચો જંદ અસુર. (૪૦)
નાસે મૂઠી દઈને તૂર્ત, દત્તધૂન સાંભળતાં મૂર્ત, (૪૧)
કરી ધૂપ ગાએ જે એમ દત્ત-બાવની આ સપ્રેમ. (૪૨)
સુધરે તેના બંને લોક, રહે ન તેને ક્યાંયે શોક ! (૪૩)
દાસી સિદ્ધિ તેની થાય, દુઃખ દારિદ્રય તેનાં જાય !! (૪૪)
બાવન ગુરુવારે નિત નેમ, કરે પાઠ બાવન સપ્રેમ, (૪૫)
યથાવકાશે નિત્ય નિયમ, તેને કદી ન દંડે યમ, (૪૬)
અનેક રૂપે એજ અભંગ, ભજતાં નડે ન માયા-રંગ ! (૪૭)
સહસ્ર નામે નામી એક, દત્ત દિગંબર અસંગ છેક !! (૪૮)
વંદુ તુજને વારંવાર, વેદ શ્વાસ તારા નિર્ધાર ! (૪૯)
થાકે વર્ણવતાં જ્યાં શેષ, કોણ રાંક હું બહુકૃતવેષ ? (૫૦)
અનુભવતૃપ્તિનો ઉદ્ગાર ! સૂણી હસે તે ખાશે માર ! (૫૧)
તપસી તત્ત્વમસિ એ દેવ ! બોલો જય જય શ્રી ગુરુદેવ ! (૫૨)

- શ્રીરંગ અવધૂત